# ડીસાના જુના ડીસા ગામે ભંગારના ગોડાઉનમાં આગ ભભૂકતા અફડાતફડી

ડીસા, તા. ૧૬

ડીસા તાલુકાના જુનાડીસા ગામે ભંગારના ગોડાઉનમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગતા અફડા તફડી મચી જવા પામી હતી. ડીસા નગરપાલિકાના ફાયર વિભાગની ટીમ પહોંચી આગને કાબુમાં લીધી હતી. ગોડાઉનમાં મજૂરો ભંગાર ભેગો કરતા હતા જોકે સ્થળ ઉપર કોઈ મજૂર ન હોઈ જાનહાની થઈ ન હતી. ભંગારનું આ ગોડાઉન ગામ પંચાયતની ખરાબાની જગ્યામાં ઊભું કરી દેવામાં આવ્યું હતું. જેથી ગ્રામ પંચાયત દ્વારા પણ નોટિસ આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જુનાડીસા ગામે પાટણ હાઈવે પર આવેલ ભંગારના ગોડાઉનમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી. આ જગ્યાએ મજૂરો ભંગાર લાવીને ભેગો કરતા હતા. ગોડાઉનમાં શોર્ટ સર્કિટથી આગ લાગી હોવાનું અનુમાન છે. આગ લાગતા અફડા તફડી મચી જવા પામી હતી. ડીસા નગરપાલિકાના ફાયર વિભાગને જાણ કરતા પાલિકાની ટીમ ફાયર ફાઈટર લઈને પહોંચી હતી અને પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી. આ જગ્યા પર મજૂરો રહે છે. જોકે આગ લાગવા સમયે મજૂરો ગોડાઉનમાં ન હોવાથી કોઈ જાનહાની થઈ ન હતી. આ ગોડાઉન ગ્રામ પંચાયતની ખરાબાની જગ્યામાં ઊભું કરી દેવામાં આવ્યું છે. જ્યાં આગ લાગવાની જાણ થતા ગ્રામ પંચાયતના તલાટી હેમંત પંચીવાલા ઘટના સ્થળે પહોંચ્યા હતા અને રેકર્ડ ચેક કરતા એક વ્યક્તિએ આ જગ્યા દબાવી ગોડાઉન માટે ભાડે આપી હોવાથી પંચાયત દ્વારા નોટિસ આપવાની કાર્યવાહી હાથ ધરી હતી.આમેય હાઈવે ઉપર આવેલી કિંમતી જમીન ઉપર બહારના લોકો દબાણો કરી બેઠા છે. અને ગુનાહિત પ્રવૃતિઓ પણ ચલાવે છે ત્યારે તેમની સામે કડક કાર્યવાહીની લોક માંગ ઉઠવા પામી છે.




# ડીસા તાલુકાના જાવલ ગામે ત્રણ લાખના મુદામાલની ચોરીથી પરીવાર હતપ્રભ

## પરિવાર રમેલમાં ગયો અને બન્ધ મકાનમાં તસ્કરોનો હાથફેરો

ડીસા, તા. ૧૬

ડીસા તાલુકાના જાવલ ગામે બન્ધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. નાઈ પરિવાર રમેલમાં ગયો તે દરમિયાન તસ્કરોએ હાથ ફેરો કરી રોકડ અને દાગીના સહિત ત્રણ લાખની માલમતાની ચોરી થતા પોલીસ ફરિયાદ નોંધાઇ છે. ડીસા તાલુકાના જાવલ ગામે રહેતા બાબુભાઇ નાઈ ગત રાત્રે આગડોલ ગામે પરિવાર સાથે રમેલમાં ગયા હતા. તેઓ મકાન બન્ધ કરી રમેલમાં ગયા બાદ વહેલી સવારે ચાર વાગ્યે તેમના ભાણેજે ફોન ઉપર તેમના મકાનના દરવાજાનું તાળું તૂટેલું હોવાનું જણાવતા તેઓ તરત ઘરે પરત ફર્યા હતા અને તપાસ કરતા તેમના મકાનના દરવાજાના તાળા તૂટેલા હતા. જેથી તેઓ ઘરમાં પ્રવેશ કરી જોતા માલસામાન વેરવિખેર હાલતમાં પડ્યો હતો. તસ્કરો તિજોરીમાં પડેલા એક લાખ રોકડ તેમજ દર દાગીનાની ચોરી કરી ફરાર થઇ ગયા હતા. આ ચોરીની ઘટના અંગે મકાન માલિક બાબુભાઇ નાઈએ જણાવ્યું હતું કર તેઓ આગડોલ રમેલમાં ગયા હતા અને વહેલી સવારે પાંચ વાગ્યા સુમારે અમારા ભાણેજેન ફોન કરીને મકાનના તાળા તૂટેલા હોવાનું જણાવેલ જેથી અમો ઘરે દોડી આવ્યા હતા અને ઘરમાં તપાસ કરતા ચોરી થયાનું માલુમ પડ્યું હતું જે બાબતે તેઓએ ડીસા તાલુકા પોલીસને જાણ કરી હતી. મધ્યમ વર્ગીય બાબુભાઇ નાઈના મકાનમાં રોકડ અને દાગીના સહિત ત્રણેક લાખની ચોરી થતા પરિવાર ઉપર આભ ફાટ્યું હોઈ તેવી સ્થિતિ સર્જાતા સમગ્ર પરિવાર ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો હતો.





અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં ડૉ. બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતિની યંગ બ્લડ અસોસિએશન (વાય.બી.એ)ની ટીમ દ્વાર ૧૩૨મી જન્મ જયંતિની ઉજવણી કૃષ્ણનગર, નિજાનંદ, અને ઋષિકેશ સોસાયટીના પટાંગણમાં કરવામાં આવી હતી જેમાં ડૉ.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને જય ભીમના નારા સાથે પુષ્પાંજલિ અર્પી હતી જેમાં YBA ટીમના સદસ્યો અને કૃષ્ણ નગર, નિજાનંદ, અને ઋષિકેશ સોસાયટીના અગ્રણીઓ અને યુવાઓ જોડાયા હતા.

# ધાનેરામાં ડો. બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતી ભવ્ય ઉજવણી કરાઈ

ધાનેરા તા.૧૬

ધાનેરા ખાતે ડો. બાબા સાહેબ આંબેડકરની ૧૩૨મી જન્મ જયંતી નિમિત્તે ધાનેરા તાલુકા યુવા ભીમ સેના દ્વારા ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું .



જેમાં બહુજન સમાજની સાથે સર્વ સમાજ તેમજ દરેક સંગઠન અને સમગ્ર ધાનેરા તાલુકાના લોકો ભારે સંખ્યામાં જોડાયા હતા .અને ભવ્ય શોભાયાત્રા ધાનેરાના જાહેર માર્ગો પર નીકાળી ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી. આ અંગે વધુ વિગતો આપતા અમારા ધાનેરા ના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે વિધાનસભાની ચૂંટણી બાદ ૧૪મી એપ્રિલ ૨૦૨૩ ના રોજ ભારતના બંધારણના ઘડવૈયા દલિત સમાજના મસિહા ડો. ભીમ રાવ આંબેડકર ૧૩૨ મી જન્મ જયંતી પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં ધાનેરા ના સર્વે સમાજના ધારાસભ્ય માવજી દેસાઈ હાજર ના રહેતા લોકોમાં ચર્ચાનો વિષય બન્યો હતો. ધાનેરાના તમામ સમાજના લોકો એક થઈ માવજી દેસાઈ અને ચૂંટણીમાં જીતાડી ધારાસભ્ય બનાવ્યા બાદ હવે લોકો પેટ ભરીને પસ્તાઈ રહ્યા છે. ધાનેરા શહેર અને ગ્રામ્ય વિસ્તારોની રોડ રસ્તા ગંદકી અને વીજળીની સમસ્યા અને અસામાજિક દુષણોની બદીખૂબ જ વધીજવા પામી છે. ઉપરોક્ત બાબતો અંગે ધાનેરા ના ધારાસભ્ય ત્રણેક મહિનામાં કોણ તમે ને કોણ હું ? ની નીતિ અપનાવતા લોકોમાં રોષ ફેલાયો છે. ડૉ.બાબા સાહેબ આંબેડકર જન્મ જયંતિ નિમિત્તે નીકળેલ ભવ્ય શોભાયાત્રામાં ધાનેરા મુસ્લિમ સમાજના યુવાનો દ્વારા રમજાન માસમાં રોજા રાખીને શોભાયાત્રામાં સામેલ તમામ લોકોને ઠંડા પાણીની બોટલોઅને શરબતનુ વિતરણ કરવામાં આવ્યું હતું. ડૉ.બાબા સાહેબની જન્મ જયંતિના ભાગરૂપે આયોજિત ભવ્ય શોભાયાત્રા વિશ્વવિભૂતી ડૉ. ભીમરાવ આંબેડકરજીની ૧૩૨મી જન્મ જયંતિ નિમત્તે આયોજિત ભવ્ય શોભાયાત્રામાં ધાનેરા તાલુકાના સર્વ સમાજના યુવાનો વડીલો જોડાઈ ખૂબ જ શાંતિપૂર્ણ માહોલમાં શોભાયાત્રાની શોભા વધારવા આવી હતી શોભાયાત્રા સવારે ૮:૩૦ વાગ્યે રામાપીરના મંદીરેથી નીકળી ધાનેરાના અંબાજી મંદિર, લાયબ્રેરી ચોક નગરપાલિકા ચોક, ડીસા રોડ થઈ લાલચોક પાસે રેલી સ્વરૂપે ફરીને ડો.બાબા સાહેબ આંબેડકરજની પ્રતિમા પાસે સભામાં ફેરવાઈ હતી સભા સ્થળે હાજર તમામ મહેમાનો આગેવાનો સામાજિક કાર્યકર્તાઓ વકીલ મિત્રો તેમજ ધાનેરા તાલુકાના સર્વ સમાજનાં લોકોએ ડૉ.બાબા સાહેબ આંબેડકરજીની પ્રતિમાને ફુલહાર કરી જન્મ જયંતિની હૃદય પૂર્વક શ્રદ્ધાંજલિ અર્પિત કરી ઉજવણી કરવામાં આવી હતી . આ શુભાયાત્રામાં ધાનેરા પોલીસ પરિવાર દ્વારા ખુબ જ સુંદર રીતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો ધાનેરા તાલુકામાથી અનેક લોકો વડીલો, આગેવાનો, સમાજ બંધુઓ કાર્યકર્તા મિત્રો તેમજ સર્વ સમાજના લોકો દ્વારા સાથે મળી શુભાયાત્રાને શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન કરી હતી.

## પ્રા. શિક્ષકોના વિરોધની ઐસી તૈસી, તા.૨૭ એપ્રિલે પરીક્ષા યોજાશે

# ઉત્તર ગુજરાતમાં જ્ઞાનસેતુ શાળામાં ધો.૫ પછી પ્રવેશ માટે ૧ લાખ બાળકોનું રજીસ્ટ્રેશન

## અપર પ્રાયમરી ધો. ૬ થી ૮ ની સરકારી પ્રા. શાળાઓનો મૃત્યુઘંટ વાગશેની શિક્ષકોમાં દહેશત આશ્ચર્ય વચ્ચે આદિવાસી તાલુકાઓમાં સૌથી વધુ રજીસ્ટ્રેશન : વાર્ષિક પરીક્ષા પછી બાળકોને કોચિંગ આપવાની શરુઆત થશે

### જ્ઞાનસેતુ સહિતના નવા પ્રોજેક્ટથી હજારો શિક્ષકોનો ઉનાળુ વેકેશનનો ઉત્સાહ ઓસર્યો

જ્ઞાનસેતુ સહિતની પી.પી.પી.ના ધોરણે નવી શરુ થનારી શાળાઓના કારણે તબક્કાવાર સરકારી પ્રાથમિક શાળાઓનો મૃત્યુઘંટ વાગી જશે તેવી આશંકા પ્રા.શિક્ષકોએ વ્યક્ત કરી છે. સરકારી શાળાઓમાં સારુ શિક્ષણ અપાતું હોવાના દાવા વચ્ચે જ્ઞાનસેતુ શાળામાં જવા માટે ઉત્તર ગુજરાતના ૪૭ તાલુકાઓની સરકારી પ્રા. શાળાઓના ૧.૦૪ લાખથી વધુ બાળકોએ રજીસ્ટ્રેશન કરાવી લીધું છે અને શાળાઓમાં માત્ર ૭૫ બાળકને પ્રવેશ આપવાનો છે જેથી કેટલાક શિક્ષકોને વધમાં જવું પડે તેવી દહેશત ઉભી થતાં નવા પ્રોજેક્ટથી હજારો શિક્ષકોનો ઉનાળુ વેકેશનનો ઉત્સાહ અત્યારથી ઓસર્યા જેવી સ્થિતિ છે.

બાયડ, તા.૧૬

જ્ઞાનસેતુ પ્રોજેક્ટથી સરકારી શાળાઓનો મૃત્યુઘંટ વાગવાની દહેશત હોવાથી સરકારી પ્રા.શાળાના શિક્ષકોએ વિરોધ શરુ કર્યો છે ત્યારે કર્મચારીઓના વિરોધની ઐસી તૈસી કરી ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં તા.૨૭ એપ્રિલે પરીક્ષાનું આયોજન થયું છે જેમાં સરકારી શાળાઓના ધો.૫માં અભ્યાસ કરતા ૧,૦૪,૭૧૮થી વધુ બાળકોનું રજીસ્ટ્રેશન પણ થઈ ગયું છે અને તેમને પરીક્ષામાં ઉત્તિર્ણ થવા માટે કોચિંગ આપવાની શરુઆત પણ કેટલીક શાળાઓમાં થઈ છે. જ્ઞાનસેતુ શાળાઓનો શહેરી વિસ્તારોમાં શિક્ષકો વિરોધ કરી રહ્યા છે ત્યારે આશ્ચર્ય વચ્ચે જિલ્લાના આદિવાસી તાલુકા ગણાતા વિજયનગરમાં ૯૭ ટકા અને પોશીના તાલુકામાં ૮૫ ટકા જેટલું સર્વાધિક રજીસ્ટ્રેશન થયું છે.



પ્રાપ્ત જાણકારી અનુસાર રાજ્યનો પ્રા.શિક્ષણ વિભાગ આગામી નવા શૈક્ષણિક સત્રથી જ્ઞાનસેતુ પ્રોજેક્ટ હેઠળ દરેક જિલ્લા અને તાલુકામાં ૪૦૦ થી વધુ શાળાઓમાં તેનો અમલ કરવા જઈ રહી છે. શિક્ષકો દ્વારા સરકારના આ નિર્ણય સામે ખુલ્લો રોષ વ્યક્ત કરવાની સાથે શિક્ષકોના હિત માટે રચાયેલા રાજ્યના શિક્ષક સંઘોએ પણ આ મુદ્દે સરકારમાં રજૂઆત કરી છે. પરંતુ તમામ રજૂઆતો બેઅસર સાબિત થઈ છે. પ્રા. શિક્ષકોએ તેને શિક્ષણના ખાનગીકરણનું મહાભયંકર ષડયંત્ર ગણાવ્યું છે છતાં રાજ્યનો પ્રા.શિક્ષણ વિભાગ જ્ઞાનસેતુ, જ્ઞાનશક્તિ, જ્ઞાનશક્તિ રેસીડેન્સ સ્કુલ, મોડેલ સ્કુલ જેવી શાળાઓ આગામી વર્ષથી શરુ કરવાની છે અને તે માટે સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લાના કુલ-૪૭ તાલુકાઓની પ્રા.શાળાઓમાં ધો.૫ માં અભ્યાસ કરતા બાળકોને આગામી વર્ષથી ધો.૬ માં પ્રવેશ માટે કોમન એસ ટેસ્ટ માટે રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું છે જેમાં છેલ્લે મળેલ વિગતો અનુસાર ઉત્તર ગુજરાતના ૫ જિલ્લા પૈકી સાબરકાંઠામાં સૌથી વધુ ૭૭.૨૫ ટકા રજીસ્ટ્રેશન થયું છે અને વાર્ષિક પરીક્ષા પછી આવા બાળકોને જ્ઞાનસેતુ સ્કુલમાં પ્રવેશ માટે શાળા કક્ષાએ કોચિંગ મળી રહે તે માટે વ્યવસ્થા ગોઠવી છે. હિંમતનગર તાલુકામાં જ્ઞાનસેતુ શાળામાં પ્રવેશ માટે કોચિંગ આપવાની શરુઆત થઈ છે અને આ માટે તમામ તાલુકાના સી.આર.સી. કો.ઓર્ડીનેટરોને પણ યોગ્ય મોનિટરીંગ કરી શિક્ષકોને પડતી તકલીફોનું નિવારણ તેમજ બાળકો માટે ઓ.એમ.આર. સીટમાં પરીક્ષા આપવાની હોવાથી તેની યોગ્ય પ્રેક્ટીસ અને જી.સી.ઈ.આર.ટી. દ્વારા તેની નિર્ધારીત કરેલી વેબસાઈટ ઉપરથી સેમ્પલ પેપર કાઢી શિક્ષકો દ્વારા બાળકોને તૈયારી કરાવવા માટે પણ જણાવ્યું છે. હિંમતનગર તાલુકામાં બી.આર.સી. કો.ઓર્ડીનેટર ચિરાગભાઈ પટેલ અને તેમની ટીમે તો હિંમતનગર તાલુકામાં ૩૪૧૯ બાળકોએ જ્ઞાનસેતુ શાળામાં જવા માટે રજીસ્ટ્રેશન કરાવ્યું છે તે તમામ બાળકો પરીક્ષા આપે તે પ્રકારે આયોજન કર્યાનું જણાવ્યું છે. જ્ઞાનસેતુ શાળામાં ધો.૫ ના બાળકોના ધો. માં પ્રવેશ પછી અનેક ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓના મૃત્યુઘંટ વાગવાની પણ દહેશત વ્યક્ત થઈ છે.

# તલોદમાં યુવા ફાઉન્ડેશનનો શિક્ષણ ક્ષેત્રે સેવાયજ્ઞ

## ગરીબ, આર્થિક પછાત અને અતિ પછાત વર્ગના વિદ્યાર્થીઓને તેમના અભ્યાસક્રમ સંદર્ભે વધુ સુદ્દઢ બને તે માટે વર્ગો શરૂ કર્યા

તલોદ, તા. ૧૬

તલોદમાં છેલ્લા ઘણા વર્ષોથી કાર્યરત યુવા ફાઉન્ડેશને શિક્ષા દાનનો ભેખ ધારણ કર્યો છે. શિક્ષણ પ્રત્યે રૂચિ ધરાવતા અને આર્થિક અસહાય હોય તેવા વિદ્યાર્થીઓને એક્સ્ટ્રા વર્ગ લઈ શિક્ષણ પીરસવાનું બિડું દાતાઓની સહાયથી શરૂ કરવામાં આવ્યું છે. જેને તલોદ પંથકમાં સારો એવો પ્રતિસાદ પ્રાપ્ત થઈ રહ્યો છે.

એકવીસમી સદીમાં આધુનિક ટેકનોલોજી સાથે શિક્ષણ પ્રત્યે દેશભરમાં જાગૃતતા આવી છે અને જેમાં શિક્ષણ પ્રત્યેના અભિગમમાં સેવા કાર્યો સાથે દાતાઓ તથા શિક્ષણપ્રેમીઓ જોડાઈ રહ્યા છે. તલોદમાં આવો જ શિક્ષણ યજ્ઞ યુવા ફાઉન્ડેશન દ્વારા ચલવાઈ રહ્યો છે. જે તલોદ મધ્યે મિસ્ત્રી માર્કેટમાં આવેલ એક ઘરમાં ઘણા સમયથી વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવી રહ્યા છે.

આ અંગે માહિતી આપતા યુવા ફાઉન્ડેશનના પ્રમુખ અશોકભાઈ મિસ્ત્રીએ જણાવ્યું હતું કે ગરીબ, આર્થિક અને પછાત વર્ગના ૧ થી ૧૫ વર્ષના છોકરા-છોકરીઓને વધારાના વર્ગ લઈ શિક્ષણ પ્રત્યે રૂચિ ઊભી થાય તેવા પ્રયાસો અમારા ફાઉન્ડેશન દ્વારા થાય છે. જેમાં જે વિદ્યાર્થીના મા-બાપ નિરક્ષર, શિક્ષણ માટે તદન અસહાય, ઘરમાં વ્યસન જેવા દુષણો એ ઘર કર્યુ હોય તેવા વિદ્યાર્થીઓને તમામ સહાય પુરી પાડી શિક્ષણ પૂરું પાડી રહ્યા છે. વધુમાં આ શિક્ષણયજ્ઞમાં દાતાઓ તરફથી દાન પણ મળી રહ્યું છે. જેથી અમો શિક્ષણ ઉપરાંત પુસ્તકો, સ્વેટર, કપડાં, દફતર, નાસ્તો તથા અન્ય જરૂરિયાત પૂરી પાડી ઉચ્ચ શિક્ષણ તરફ તેનમનો રસ વધે તેવા પ્રયાસો કરીએ છીએ. હાલ આ શિક્ષણ યજ્ઞમાં ૫૦ થી વધુ વિદ્યાર્થીઓ વર્ગમાં જોડાયેલ છે. જે પૈકી કેટલાક જીપીએસસીની તૈયારીઓ પણ શરૂ કરી છે.



યુવા ફાઉન્ડેશનના અન્ય સભ્યો ધર્મેશભાઈ શાહ, શિક્ષક મહેશભાઈ પરમાર પોતાનો કિંમતી સમય ફાળવી આવનારી પેઢીઓ શિક્ષિત બની ધ્યેય હાંસલ કરે તેવા પ્રયાસો કરી રહ્યા છે. આ ફાઉન્ડેશન તલોદના દાતાઓનો આભાર વ્યક્ત કરી હજુ પણ લોકો તરફથી સહકાર પ્રાપ્ત થાય તેવી અપેક્ષાઓ રાખી રહ્યા છે.

# રમઝાન અને ગરમીની મોસમને લઈ લીંબુની માંગ વધી... : પાલનપુરની બજારમાં લિંબુનો ભાવ પ્રતિકીલો રૂ.૧૫૦ થયો

પાલનપુર તા.૧૬

બારે માસ રસોઈ તેમજ પીણાં માં વપરાતા ઔષધીય ગુણ ધરાવતા લીંબુ ની હાલ ગરમી ની મોસમ તેમજ રમઝાન માસને લઈ લોકોમાં માંગ વધી છે જોકે હાલ પાલનપુરની બજારમાં લીંબુ એકસોપચાસ રૂપિયે કિલો વેચાય રહ્યા હોવા છતાં લોકો શરીરના સંતુલન માટે હોંશે હોંશે લીંબુ ખરીદતા જોવા મળી રહ્યા છે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,લીંબુનો રસએ ઔષધીય ગુણ ધરાવે છે અને ગરમીમાં શરીરમાં સંતુલન માટે અકસીર ઈલાજ હોય લોકો ગરમી અને લું થી બચવા માટે લીંબુ રસ નો ભરપૂર માત્રા માં ઉપયોગ કરતાં હોય છે. તેમજ હાલ ગરમીની સાથે મુસ્લિમ ધર્મના પવિત્ર રોઝા ચાલી રહ્યા હોય રોઝા રાખતા લોકો પણ લીંબુ પાણીનો ભરપૂર માત્રા માં ઉપયોગ કરતા હોય પાલનપુર ની માર્કેટ માં લીંબુ ની ભારે માંગ વધી છે જોકે ગત વર્ષે એક કિલો લીંબુનો ભાવ ૨૦૦ થી ૨૫૦ જ્યારે હાલ ચાલુ વર્ષે એક કિલો લીંબુ નો ભાવ ૧૦૦ રૂપિયા હોય ગત વર્ષ ની સરખામણી એ આ વર્ષે લીંબુ સસ્તા હોય લોકો હર્ષ ભેર લીંબુ ની ખરીદી કરતા જોવા મળી રહ્યા છે.



# વૃક્ષોની પણ રંગ બદલવાની શરુઆત

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૧૬

માણસ રંગ બદલે તેની સહુકોઈ નોંધ લેતા હોય છે. પરંતુ વૃક્ષો રંગ બદલે તો જ લોકોની તેના ઉપર નજર ઠરતી હોય છે. કાળઝાળ ઉનાળામાં માવઠાએ ઉનાળાની મજા બગાડી છે. ત્યારે અરવલ્લી જિલ્લામાં પીપળાના વૃક્ષમાં પાનના રંગ બદલવાની શરુઆત જોઈ પ્રકૃતિ પ્રેમીઓ વિસ્મય પામી રહ્યા છે. આજથી ૨ મહિના અગાઉ હાથી લઈને આવેલા મહાવતે પીપળાના ઝાડ ઉપરથી પાલો પાડયો હતો ત્યાં બેરંગી પર્ણો જોવા મળતાં પ્રજા વૃક્ષોના બદલાયેલા રંગથી આશ્ચર્ય અનુભવી રહી છે.



# LCBએ ગોધરાના ટાયર ચોર ગેંગના મુખિયાને ગણતરીના કલાકોમાં દબોચી લીધો :મોડાસામાં ટાયરની દુકાનમાંથી ચોર્યા હતા ટાયર

## નેત્રમ કેમેરા વધુ એક વાર ટાયર ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલવામાં મહત્ત્વની કડી રૂપ સાબિત થયા

મોડાસા, તા. ૧૬

અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરના દેવરાજધામની તળેટીમાં આવેલ આર્યન ટાયર સર્વિસ નામની દુકાનમાંથી જુના ટાયર અને ટ્યુબની મોટી માત્રામાં ચોરી થતા દુકાન માલિકે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધાવતા ટાઉન પોલીસ અને અરવલ્લી એલસીબી પોલીસ દોડતી થઈ હતી એલસીબી પોલીસે નેત્રમ કેમેરાની મદદથી પીકઅપ ડાલામાં ટાયર ચોરી કરનાર સબ્બીર હુસેન જબાને ગોધરાથી પીકઅપ ડાલા સાથે ૨.૬૦ લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડી ચોરીમાં સંડોવાયેલ અન્ય બે આરોપીઓને ઝડપી પાડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા હતા.

અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતે ટાયર ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલવા એલસીબી પોલીસને તપાસ સોંપતા પીઆઈ કે.ડી ગોહિલ અને તેમની ટીમે મોડાસા શહેરના બાયપાસ રોડ પર બાજકોટ ગામની સીમમાં આવેલી આર્યન સર્વિસ નામની દુકાનમાંથી ૫૫ હજારથી વધુના જુના ટાયર અને ટ્યૂબ તેમજ ટાયરની લંગોટની ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો નેત્રમ કેમેરા સીસીટીવી રેકોર્ડિંગ અને બાતમીદારો સક્રિય કરતા ગોધરાના ત્રણ શખ્સો પીકઅપ ડાલામાં ટાયર ચોરી કરી ફરાર થયા હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી. અરવલ્લી એલસીબી પોલીસ ગોધરા પહોંચી તપાસ હાથધરતા ટાયર ચોરી કરનાર ગોધરાના આંબલી ફળિયામાં વ્હોરવાડ રહેતો સબ્બીર હુસેન જબા પીકઅપ ડાલામાં ચોરીના ટાયર સાથે બાયપાસ રોડ પર મૂકી દીધું હોવાની બાતમી મળતા પોલીસ તાબડતોડ બાયપાસ રોડ પર પહોંચી ચોરીના ટાયર ભરેલ પીકઅપ ડાલાને જપ્ત કરી આરોપીને દબોચી લીધો હતો પોલીસે મોડાસા, લીંબડીયા અને લુણાવાડા માંથી ચોરી કરેલ ૬૦ હજારના ૧૨ જુના ટાયર અને પીકઅપ ડાલુ મળી ૨.૬૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ગણતરીના કલાકોમાં ટાયર ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલી કાઢી અન્ય આરોપીઓને ઝડપી પાડવા તપાસ હાથધરી છે

